सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૮ | ૧૦ | ૨૦૨૦ |
| નોંધ્યા તારીખ | ૦૮ | ૧૦ | ૨૦૨૦ |
| ફેંસલ તારીખ | ૩૧ | ૦૧ | ૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૩ | ૨૩ |

**મે. ત્રીજા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં નવસારી,**
**મુ. આહવા.**

## સેશન્સ કેસ નં. ૦૨/૨૦૨૦

## સુબીર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૧૯૦૦૩૨૦૦૧૭૯/૨૦૨૦

**આંક–**

**શ્રી સરકાર**

મારફત એડી. પી.પી.શ્રી એડિશનલ સેશન્સ કોર્ટ,

નવસારી, મુ. આહવા. ................**ફરિયાદી**

**વિરૂધ્ધ**

**શુકરભાઈ મગનભાઈ ગાયકવાડ**

ઉ.વ. ૩૮, ધંધો–ખેતી,

રહે. ખોખરી, તા. સુબીર, જિ. ડાંગ. .................**આરોપી**

---

**ગુનો :– આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ)(બી),(૧–એ), ૨૭ તથા**
**ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૮ મુજબ.**

---

**ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એડી.પી.પી.શ્રી સી.એમ. ઠાકરે.**
**બચાવ પક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી જે.એલ. ગાંગોડા.**

---

## ચુ કા દો

### ફોર્મ – બી (ક્રિમીનલ મેન્યુલ)

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૩–૦૪–૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૭–૦૪–૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૦૮–૧૦–૨૦૨૦ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૦૬–૦૩–૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૫–૦૨–૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૩૧–૦૧–૨૦૨૫ |
| ચુકાદો આપ્યાની તારીખ | ૩૧–૦૧–૨૦૨૫ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

(૧) સદર કામે આરોપી વિરૂધ્ધ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ)(બી),(૧–એ), ૨૭ તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ મુજબનો ગુનો સુબીર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૧૯૦૦૩૨૦૦૧૭૯/૨૦૨૦ થી નોંધવામાં આવેલ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૩–૪–૨૦૨૦ ના રોજ સવારના ૧૦:૦૦ વાગ્યે જંગલમાં લાકડા લેવા ગયેલ હતા, તે વખતે જંગલમાં એક બંદુક પડેલી હતી, તે જોઈ લાકડા લઈ પરત ઘરે આવી ગયેલા હતા. ત્યારબાદ, તેજ દિવસે ૬:૦૦ વાગ્યાના સુમારે આરોપીએ જોયેલ બંદુક કોઈને પણ જાણ કર્યા વગર પોતાના કબજામાં રાખાવના ઈરાદાથી લેવા માટે જંગલમાં ગયેલા, જે બંદુક ફુટતા જીવને જોખમ ઉભુ થાય તેમ જાણતા હોવા છતાં તે બંદુક લઈ પરત ફરતી

વખતે અચાનક ઠેસ વાગતા આરોપી જમીન ઉપર પડી ગયેલા, તેના કારણે હાથમાં રાખેલી બંદુક ફુટી જતા પોતાના જ જમણાં ખંભા ઉપર ગોળી વાગતા આરોપીએ પોતાને પોતાનો જીવ જાય એવી ગંભીર ઈજા કરેલ. જે અન્વયે ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા હાલની ફરિયાદ આપેલ.

**(૨.૧)** સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ)(બી),(૧–એ), ૨૭ તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની સેશન્સ કોર્ટમાં દાખલ કરેલ, જે સેશન્સ કેસ નં. ૦૨/૨૦૨૦ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**(૩)** સદરહુ કેસ રજીસ્ટરે લીધા બાદ આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળો મળેલ છે, તેની ખાતરી કર્યાબાદ સદર ગુનાનું તહોમતનામું ફરમાવવા બાબતે ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એડી. પી.પી.શ્રીને તથા આરોપી તર્ફે ના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. બાદમાં ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૨૮ અન્વયે આરોપી વિરૂધ્ધ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ)(બી),(૧–એ), ૨૭ તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામું **આંક–૧૩** થી ફરમાવી સદરહુ તહોમનામું આરોપીને વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ **આંક–૧૪** ના નિવેદનથી ઉપરોકત ગુનાનો ઈન્કાર કરતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪)** સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની સાબિતીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

## મૌખિક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી મુકેશભાઈ શંભુભાઈ કાનાણીની જુબાની | ૧૬ |
| ૨ | ડો. સાહેદ પ્રિતેશભાઈ બાલુભાઈ ચૌધરીની જુબાની | ૨૧ |
| ૩ | પંચ સાહેદ વિજયભાઈ શીમગુભાઈ ગાવિતની જુબાની | ૨૪ |
| ૪ | પંચ સાહેદ વિલાસભાઈ મગનભાઈ દેસાઈની જુબાની | ૨૭ |
| ૫ | પંચ સાહેદ રાજેશભાઈ બીપીનભાઈ ગાયકવાડની જુબાની | ૨૮ |
| ૬ | પંચ સાહેદ વસંતભાઈ જતરભાઈ હીલીમની જુબાની | ૩૨ |
| ૭ | પંચ સાહેદ એલીસભાઈ ગુલાબભાઈ વરઠાની જુબાની | ૩૩ |
| ૮ | સાહેદ કિશનભાઈ મંગુભાઈ ચૌધરીની જુબાની | ૩૪ |
| ૯ | સાહેદ સીતારામભાઈ શીવાભાઈ ગાયકવાડની જુબાની | ૩૫ |
| ૧૦ | સાહેદ સુબનભાઈ જમનાભાઈ પારીયાની જુબાની | ૩૬ |
| ૧૧ | સાહેદ શૈલેષભાઈ શંકરભાઈ વરઠાની જુબાની | ૩૭ |
| ૧૨ | સાહેદ વસંતભાઈ જતરભાઈ હીલીમની જુબાની | ૩૮ |
| ૧૩ | સાહેદ સકારામભાઈ શુકકરભાઈ પવારની જુબાની | ૩૯ |
| ૧૪ | સાહેદ સંજયભાઈ શંકરભાઈ પવારની જુબાની | ૪૦ |
| ૧૫ | સાહેદ શૈલેષભાઈ ગુલાબભાઈ વરઠાની જુબાની | ૪૧ |
| ૧૬ | સાહેદ શંકરભાઈ કોહલ્યાભાઈ ગાયકવાડની જુબાની | ૪૨ |
| ૧૭ | ત.ક.અ.શ્રી ભાવેશકુમાર રામજીભાઈ રબારીની જુબાની | ૪૩ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરિયાદ | ૧૭ |
| ૨ | બંદુકની ગોળીઓ સોપ્યા બાબતેની યાદી | ૨૨ |
| ૩ | આરોપીનું મેડિકલ સર્ટી. | ૨૩ |
| ૪ | આરોપીનું અકટ પંચનામું | ૨૫ |
| ૫ | મુદ્દામલ રિકવરી પંચનામું | ૨૬ |
| ૬ | આરોપીના ઘરનું ઝડતી પંચનામું | ૨૯–૩૦ |

| | | |
|---|---|---|
| ૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૧ |
| ૮ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૪૪ |
| ૯ | સ્થળ પરીક્ષણ અહેવાલ બાબતે લખેલ યાદી | ૪૫ |
| ૧૦ | આરોપીના કંટ્રોલ બ્લડ સેમ્પ આપવા માટેની યાદી | ૪૬ |
| ૧૧ | રવાનગી નોંધ અને સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૪૭–૪૮ |
| ૧૨ | ચાર્જશીટ ફાઈલ કરવા પરવાનગી માટેની યાદી | ૪૯ |
| ૧૩ | ચાર્જશીટ ફાઈલ કરવા પરવાનગી આવ્યાની યાદી | ૫૦ |
| ૧૪ | ચાર્જશીટ કરવા પરવાનગી બાબતે કરેલ હુકમ | ૫૧ |
| ૧૫ | મુદ્દામાલ પરીક્ષણ બાબતે કરેલ પત્ર | ૫૨ |
| ૧૬ | મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ | ૫૩ |

(૫) ત્યારબાદ, સદર કેસમાં ફરિયાદ તેમજ મુખ્ય સાહેદોની જુબાની લીધા પછી ફરિયાદપક્ષનો પુરવો આંક–૫૪ ની કલોર્જિંગ પુરસીસથી બંધ કરવામાં આવેલો.

(૬) ત્યારબાદ, સદર કેસમાં આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિદોર્ષ છે, તેમની સામે ખોટો કેસ કરેલ છે.

(૭) ફરિયાદપક્ષ તર્ફે વિદ્વાન એડી. પી.પી.શ્રી સી.એમ. ઠાકરે હાજર થયેલ છે, અને તેઓને તેમની દલીલમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, રજૂ થયેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીએ તા. ૨૩–૪–૨૦૨૦ ના રોજ સવારના ૧૦:૦૦ વાગ્યે જંગલમાં લાકડા લેવા ગયેલ હતા, તે વખતે જંગલમાં એક બંદુક પડેલી હતી, તે જોઈ લાકડા લઈ પરત ઘરે આવી ગયેલા હતા અને ત્યારબાદ, તેજ દિવસે ૬:૦૦ વાગ્યાના સુમારે આરોપીએ જોયેલ બંદુક કોઈને પણ જાણ કર્યા વગર પોતાના કબજામાં રાખાવના ઈરાદાથી બંદુક લેવા માટે જંગલમાં ગયેલા,

જે બંદુક ફુટતા જીવને જોખમ ઉભુ થાય તેમ જાણતા હોવા છતાં તે બંદુક લઈ પરત ફરતી વખતે અચાનક આરોપીને ઠેસ વાગતા આરોપી જમીન ઉપર પડી ગયેલા, તેના કારણે હાથમાં રાખેલી બંદુક ફુટી ગયેલ અને ઓરોપીના પોતાના જ જમણાં ખંભા ઉપર ગોળી વાગતા આરોપીએ પોતાને પોતાનો જીવ જાય એવી ગંભીર ઈજા પહોંચાડી. બંદુકનો કબજો કરવાના ઈરાદે આરોપી ફરી વાર જંગલમાં ગયેલા હતા, જે રજૂ દસ્તાવેજી પુરાવા પરથી સ્પષ્ટ રીતે સાબિત થતું હોય, આરોપીને તહોમતનામામાં જણાવ્યા મુજબના ગુનાઓમાં મહત્તમ કેદ તથા દંડની સજા કરવાની રજૂઆત કરેલ છે.

(૮) જયારે બચાવપક્ષ તર્ફેના વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. આ કામના આરોપી નિર્દોષ છે, આરોપીએ કોઈ ગુનો કરેલ નથી, કે આરોપી જંગલમાં લાકડા લેવા ગયેલ હતા, તે વખતે જંગલમાં એક બંદુક પડેલી હતી, તે જોઈ લાકડા લઈ પરત ઘરે આવી ગયેલા હતા. ત્યારબાદ, તેજ દિવસે ૬:૦૦ વાગ્યાના સુમારે આરોપીએ જોયેલ બંદુક કોઈને પણ જાણ કર્યા વગર પોતાના કબજામાં રાખાવના ઈરાદાથી લેવા માટે જંગલમાં ગયેલા, જે બંદુક ફુટતા જીવને જોખમ ઉભુ થાય તેમ જાણતા હોવા છતાં તે બંદુક લઈ પરત ફરતી વખતે અચાનક ઠેસ વાગતા આરોપી જમીન ઉપર પડી ગયેલા, તેના કારણે હાથમાં રાખેલી બંદુક ફુટી જતા પોતાના જ જમણાં ખંભા ઉપર ગોળી વાગતા આરોપીએ પોતાને પોતાનો જીવ જાય એવી ગંભીર ઈજા થયેલ હોય, તેવું બનેલ નથી, ત્યારે ફરિયાદીએ સ્વીકારેલ હકીકત કે કોઈ વ્યકિત જંગલમાં બળતણના લાકડા લેવા જાય અને ઝાડના ડાળખા ખેંચતાં તેના સંપર્કમાં બુંદુકનો ઘોડો આવે તો ભડાકા થવાની શકયતા ખરી, તે હકીકત શંકા ઉપજાવે છે. વધુમાં આ કામના આરોપીએ સદર ગુનો કરેલ હોય, તેવો બનાવ કોઈએ નજરે જોયેલ પણ નથી, કે ફરિયાદપક્ષે આવા કોઈ સાહેદોનો પુરાવો પણ રજૂ રાખેલ નથી.

વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીને થયેલ ઈજા બાબતે પણ ડોકટર સાહેદે સ્વીકારેલ છે કે, મારા સર્ટીફિકેટમાં જણાવેલ ઈજા ગોળી ત્રણ–ચાર ફુટના અંતરેથી છુટે તો થઈ શકે તેવી છે. જે હકીકત પણ શંકા ઉપજાવે છે. સદર કામે કોઈ નજરે જોનાર સાહેદો ન હોય, આ કામના આરોપી દ્વારા હાલનો બનાવ બનેલ હોય, તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય, ત્યારે મેડિકલ પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. જેથી ઉપરોકત હકીકતો લક્ષમાં લઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની રજૂઆત કરવામાં આવેલ છે.

(૯) સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તેમજ બન્ને પક્ષોની રજૂઆત ધ્યાને લેતા સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૩–૪–૨૦૨૦ ના રોજ સવારના ૧૦:૦૦ વાગ્યે જંગલમાં લાકડા લેવા ગયેલ હતા, તે વખતે જંગલમાં એક બંદુક પડેલી હતી, તે જોઈ લાકડા લઈ પરત ઘરે આવી ગયેલા હતા. ત્યારબાદ, તેજ દિવસે ૬:૦૦ વાગ્યાના સુમારે આરોપીએ જોયેલ બંદુક કોઈને પણ જાણ કર્યા વગર પોતાના કબજામાં રાખાવના ઈરાદાથી લેવા માટે જંગલમાં ગયેલા, જે બંદુક ફુટતા જીવને જોખમ ઉભુ થાય તેમ જાણતા હોવા છતાં તે બંદુક લઈ પરત ફરતી વખતે અચાનક ઠેસ વાગતા આરોપી જમીન ઉપર પડી ગયેલા, તેના કારણે હાથમાં રાખેલી બંદુક ફુટી જતા પોતાના જ જમણાં ખંભા ઉપર ગોળી વાગતા આરોપીએ પોતાને પોતાનો જીવ જાય એવી ગંભીર ઈજા કરી, આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ)(બી), (૧–એ), ૨૭ તથા ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા.</u>**

(૧૧) સદરહુ ઉપરોકત મુદ્દાઓના સંદર્ભે ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એડી.પી.પી.શ્રી તથા બચાવ પક્ષ તર્ફે તેમના વિઘવાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી. આ કામે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને તથા વંચાણે લીધો.

(૧૨) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ફરિયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ અદાલત માટે ફરજિયાત હોય છે. બીજા શબ્દોમાં આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરિયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે, સંભવિતાના સિધ્ધાંત મુજબ સાબિત કરવાની હોય છે. એ સ્થાપિત છે કે, ફરિયાદપક્ષના કેસ અં ગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. હવે ઉપરોકત કાયદાની સ્થાપિત સ્થિતિને લક્ષમાં લઈ ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

(૧૩) આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૬ થી તપાસવામાં આવેલ ફરિયાદી

મુકેશભાઈ શંભુભાઈ કાનાણીનાઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૪–૦૪–૨૦૨૦ ના રોજ સાહેદ સુબિર પો.સ્ટેમાં પ્રોબેશનર એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે તે દિવસે વ્યારા પો.સ્ટેના પી.એસ.ઓ રણજીતસિંહ લક્ષ્મણસિંહનઓએ ટેલીફોનથી વરધી લખાવેલ કે, વ્યારા જનરલ હોસ્પિટલ એમ.એલ.સી નં. ૬૯૦/૨૦ તા.૨૪.૪.૨૦ કલાક.૧૦ :૧૫ વાગ્યે પેશન્ટ નામે શુકકરભાઈ મગનભાઈ ગાયકવાડ ઉ.વ.૪૨ રહે. ખોખરી આંગણવાડી ફળીયુ, તા. સુબિર,જિ.ડાંગનાઓને ખોખરી જંગલમાં ગોળી વાગેલ છે. હાલ પેશન્ટ ભાનમાં છે પેશન્ટને તેઓના પત્ની કલ્પનાબેન શુકકરભાઈ ગાયકવાડનઓએ દાખલ કરેલ છે અને હાલ જનક સ્મારક હોસ્પિટલમાં દાખલ છે. આથી, આગળની કાર્યવાહી કરવા વિનંતી છે. વિગરે મળેલ વરધી આધારે જનક સ્મારક હોસ્પિટલ ખાતે તપાસમાં જતાં પેશન્ટનુ ઓપરેશન કરેલ હોય આથી ભાનમાં ન હોય તેઓના પત્ની કલ્પનાબેનનુ નિવેદન લીધેલ. તા.૨૫.૪.૨૦ના રોજ ફરી વાર જનક સ્મારક હોસ્પિટલ ખાતે તપાસમાં જતાં પેશન્ટ જવાબ આપી શકે તેવી સ્થિતિમાં ન હોય આથી તા. ૨૭–૪–૨૦ના રોજ આરોપીનુ નિવેદન લેતાં પોતાના નિવેદમાં લખાવે છે કે, પોતે તા.૨૩.૪.૨૦ના રોજ સવારના આશરે દશેક વાગ્યે જંગલમાં લાકડા લેવા ગયેલ લાકડા લઈ પરત ફરતી વખતે તેઓ જંગલમાં એક બંદુક પડેલી જોઈ લાકડા લઈ ઘરે આવી ગયેલ બાદ સાંજના છ એક વાગ્યે જંગલમાં પડેલ બંદુક લેવા ફરી વાર જંગલમાં ગયેલ. બંદુક લઈ પરત ફરતી વખતે અચાનક ઠેસ વાગતાં આરોપી પડી જતાં હાથમાં રહેલ બંદુક ફુટી જતાં ગોળી જમણા ખંભામાં વાગેલી. ત્યારબાદ બીજા દિવસે સારવાર માટે દાખલ થઈ ગયેલ. એવુ પોતાના નિવેદનમાં જણાવતાં આરોપી કોઈને પણ જાણ કર્યા વગર બંદુક પોતાના કબજામાં રાખવાના ઈરાદે જંગલમાં જઈ બંદુક લાવી બંદુક ફુટવાથી જીવને જોખમા થાય તેવુ જાણતા હોવા છતાં બંદુક સાથે લાવી ઠેસ વાગતાં પડી જતાં બંદુક ફુટતાં જીવને જોખમ થાય તેવી ઈજા પહોંચાડી

ગુનો કરેલ હોય સુબિર પો.સ્ટે આવી આરોપી વિરુધ્ધ ધોરણસરની ફરિયાદ આપેલી. જે ફરિયાદમાં સાહેદે તેમની સહી ઓળખી બતાવેલ. સદર ફરિયાદ આ કામે આંક–૧૭ થી રજૂ થયેલ છે. સાહેદે આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ.

સદર ફરિયાદીએ આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મે ફરિયાદ તા. ૨૭–૪–૨૦ ના રોજ આપેલી. આરોપીની પત્ની કલ્પનાબેનનો જવાબ ૨૪.૪.૨૦ ના રોજ લીધેલો. આરોપીના ઘરનુ પંચનામું મારી રૂબરુમાં કરેલુ. તા. ૨૬–૪–૨૦ ના રોજ ઘરની ઝડતીનુ બીજુ પંચનામુ મારી રૂબરુ કરવામાં આવેલુ. તા.૨૭.૪.૨૦ ના રોજ આરોપીનો જવાબ મારી રૂબરુ લીધેલો. વ્યારા પો.સ્ટેના જમાદારને જે વરધી લખાવેલી તેની નોંધ મે સ્ટેશન ડાયરીમાં નોંધ નથી કરી. તા. ૨૪–૪–૨૦ ના રોજ વ્યારા મુકામે આરોપીના હાલચાલ જાણવા કે આગળની કાર્યવાહી કરવા માટે નીકળેલા તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરી હતી. વધુમાં સ્વીકારેલ છે કે, કોઈ વ્યકિત જંગલમાં બળતણના લાકડા લેવા જાય અને ઝાડના ડાળખા ખેંચતાં તેના સંપર્કમાં બુંદુકનો ઘોડો આવે તો ભડાકા થવાની શકયતા ખરી. તા. ૨૪ તથા ૨૫–૪–૨૦ ના રોજ તપાસ માટે જવાનુ થયેલુ ત્યારે ડોકટરને મળવાનુ થયેલુ.

(૧૪) આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૨૧ થી સાહેદ ડો. પ્રિતેશભાઈ બાલુભાઈ ચૌધરીની જુબાની થયેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, સને–૨૦૨૦ માં સાહેદ વ્યારા મુકામે આવેલ જનક સ્મારક હોસ્પિટલમાં ઓર્થોપેડિક સર્જન તરીકે ફરજ બજાવતા હતા, તે વખતે તા. ૨૩–૦૪–૨૦૨૦ ના રોજ શુકકરભાઈ એમ. ગાયકવાડ, ઉ.વ.૩૮ નાંઓ સારવાર માટે આવતા હતા ત્યારે તેમણે હિસ્ટ્રીમાં જણાવેલ કે, તા. ૨૩–૦૪–૨૦૨૦ ના રોજ રાત્રે આઠેક વાગ્યાના આજુ–બાજુ તેઓ જંગલમાં લાકડા લેવા ગયા હતા, તે વખતે અચાનક તેમના હાથમાંની બંદુક ચાલી જતા તેમના જમણા ખંભામા, છાતીના આગળના તથા પાછળના ભાગે ઈજા થયેલ હતી. જેના માટે તા. ૨૪–૦૪–૨૦૨૦ ના રોજ ઓપરેશન કરી

છાતીના આગળના અને પાછળના ભાગે છ(૬) બૂલેટના પીસ(છરા) કાઢવામાં આવેલ હતા. બૂલેટના છરા અંગે પોલીસને જાણ કરી તેમના હવાલે કર્યા હતા. તેમની સારવાર કરી તા. ૨૭–૦૪–૨૦૨૦ ના રોજ રજા આપવામાં આવી હતી. સુબીર પોલીસ સ્ટેશન નાંઓએ ઓપરેશન દરમ્યાન ગોળી કાઢવામાં આવેલ તે સોંપવા બાબતની યાદીમાં સાહેદે તેમની રીસીવ કરનાર તરીકે સહી અને હોદ્દાનું નિશાન ઓળખી બતાવેલ. જે યાદી આ કામે આંક–૨૨ થી રજૂ થયેલ છે, તેમજ શુકકરભાઈ એમ. ગાયકવાડ નાંઓના સારવાર સર્ટી આપવામાં આવેલ જે સાહેદના હસ્તાક્ષરમાં છે અને તેમાં સાહેદની સહી અને હોદ્દાનું નિશાન છે. જે સાહેદે ઓળખી બતાવેલ. જે સર્ટી. પણ આ કામે આંક–૨૩ થી રજૂ થયેલ છે.

સદર સાહેદે આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા. ૨૩–૦૪–૨૦૨૦ ના રોજ શુકકરભાઈ એમ. ગાયકવાડનાઓ પોલીસ યાદી સાથે આવેલા નહી. આ મેડીકોલીગલ કેસ છે. જે કેસમાં બનાવની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં કરવાની હોય છે તે મને ખબર છે. મારા દવારા આપવામાં આવેલ સર્ટીફિકેટમાં ઈજા કેટલી જુની છે તે દર્શાવવામાં આવેલ નથી. મારા ધ્વારા આપવામાં આવેલ સર્ટીફિકેટમાં કલર ઓફ ઈન્જરી દર્શાવવામાં આવેલ નથી. કલર ઓફ ઈન્જરી પરથી એઈજ ઓફ ઈન્જરી જાણી શકાય. મેડીકલ સર્ટીફિકેટમાં આ બધી વસ્તુઓ જણાવવી જરૂરી છે. હથિયાર વાપરનારે કેટલા અંતરથી ઘા કરેલ છે તેના આધારે જખમ કે ઘા ની સાઈઝ માપી શકાય. ઈજા પામનારે કપડા પહેરેલા અને ત્રણ ચાર ફુટના અંતરેથી ગોળી છુટે તો કપડા બળેલા અને કાણાંની નિશાની જોવા મળે. ગોળીની ઈજાથી કપડા ઉપર લોહીના ડાઘા જોવા મળે. બળતણના લાકડા માટે જનાર વ્યકિત જંગલમાં ઝાડના ડાળખા ભેગા કરે અને ઝાડના ડાળખા જોરથી ખેંચતી વખતે લોડેડ બંદુકના ટ્રીગરના સંપર્કમાં આવે તો ધડાકો થવાની સંભાવના રહે. આવા ધડાકા થાય તો સર્ટીફિકેટમાં જણાવેલ ઈજાઓ થઈ શકે છે. મારા સર્ટીફિકેટમાં

જણાવેલ ઈજા ગોળી ત્રણ–ચાર ફુટના અંતરેથી છુટે તો થઈ શકે તેવી છે. કોઈ વ્યકિત જતો હોય અને ઓચિંતા તેને ઠેસ લાગે અને ગોળી છુટી જાય તો પણ આવી ઈજા થઈ શકે છે.

(૧૫) ફરિયાદપક્ષ તર્ફે આંક–૨૪ થી પંચ સાહેદ વિજયભાઈ શીમગુભાઈ ગાવિતની તથા આંક–૨૨૭ થી પંચ સાહેદ વિલાસભાઈ મગનભાઈ દેસાઈની સોગંદ ઉપર જુબાની થયેલ છે. સદર બન્ને પંચ સાહેદો આંક–૨૫ ના આરોપીના અટક પંચનામાના તથા આંક–૨૬ થી રજૂ થયેલ મુદ્દામાલ રિકવરી પંચનામાના પંચ સાહેદો છે. સદર બન્ને પંચ સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાને સમર્થન મળે તેવી લેશમાત્ર હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલી નથી. સદર બન્ને પંચ સાહેદોને વિ.એડી.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે, અને ત્યારબાદ, લંબાણ પૂર્વકની ઉલટ તપાસમાં પણ પંચનામાને સમર્થનકારી કોઈ પુરાવો કોર્ટ રૂબરૂ પુરો પાડેલો નથી. આમ, સદર બન્ને પંચ સાહેદો કોર્ટ સમક્ષની જુબાનીમાં વિમુખ જાહેર થયેલા હોય, અને પંચનામાં બાબતેની કોઈ ખરી હકીકત કોર્ટ સમક્ષ જણાવતા ન હોય, સદર પંચનામું આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરિયાદપક્ષને મદદરૂપ નિવડે તેમ નથી.

(૧૬) ત્યારબાદ, ફરિયાદપક્ષ તપાસવામાં આવેલ આંક–૨૮ થી પંચ સાહેદ રાજેશભાઈ બીપીનભાઈ ગાયકવાડ કે જેઓ આ કામે આંક–૨૯, ૩૦ થી રજૂ થયેલ આરોપીના ઘરની ઝડતી તપાસના પંચનામાના તેમજ આંક–૩૧ થી રજૂ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે તથા આંક–૩૨ થી પંચ સાહેદ વસંતભાઈ જતરભાઈ હીલીમ કે જેઓ આ કામે આંક–૨૯, ૩૦ થી રજૂ થયેલ પંચનામાના પંચ સાહેદ છે. તેવી જ રીતે આ કામે આંક–૩૩ થી પંચ સાહેદ એલીસભાઈ ગુલાબભાઈ વરઠા કે જેઓ આંક–૩૧ થી રજૂ થયેલ પંચનામાના પંચ

સાહેદ છે. આ તમામ સાહેદોની સોગંદ ઉપર જુબાની થયેલ છે. સદર પંચ સાહેદોની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતા તેઓને તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત સિવાય અન્ય કોઈ હકીકત જણાવતા ન હોય, તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાને સમર્થન મળે તેવી લેશમાત્ર હકીકત કોર્ટ રૂબરૂ જણાવતા ન હોય, સદર પંચ સાહેદોને વિ.એડી.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે, અને ત્યારબાદ, લંબાણ પૂર્વકની ઉલટ તપાસમાં પણ પંચનામાને સમર્થનકારી કોઈ પુરાવો કોર્ટ રૂબરૂ પુરો પાડેલો નથી. આમ, સદર પંચ સાહેદો કોર્ટ સમક્ષની જુબાનીમાં વિમુખ જાહેર થયેલા હોય, અને પંચનામાં બાબતેની કોઈ ખરી હકીકત કોર્ટ સમક્ષ જણાવતા ન હોય, સદર પંચનામાં આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરિયાદપક્ષને મદદરૂપ નિવડે તેમ નથી.

(૧૭) આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૩૪ થી સાહેદ કિશનભાઈ મંગુભાઈ ચૌધરીને, આંક–૩૫ થી સાહેદ સીતારામભાઈ શીવાભાઈ ગાયકવાડને, આંક –૩૬ થી સાહેદ સુબનભાઈ જમનાભાઈ પારીયાને, આંક–૩૭ થી સાહેદ શૈલેષ ભાઈ શંકરભાઈ વરઠાને, આંક–૩૮ થી સાહેદ વસંતભાઈ જતરભાઈ હીલીમને તપાસવામાં આવેલા છે. સદર સાહેદોની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેવામાં આવે તો સદર સાહેદોને બનાવમાં શું બનેલ તેની તેઓને ખબર નથી, કે બનાવ અં ગે કોઈ જાત માહિતી નથી. આમ, સદર સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા ન હોય, અને કોર્ટ સમક્ષની જુબાનીમાં ફરિયાદપક્ષે તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે. ત્યારબાદ, વિ.એડી.પી.પી.શ્રીએ વિગતે ઉલટ તપાસ લેતા પણ ફરિયાદપક્ષને સમર્થન મળે તેવી કોઈજ હકીકત નીકળી આવેલ નહી. આમ, સદર સાહેદો વિમુખ જાહેર થયેલા હોય, તેઓ આરોપી વિરૂધ્ધની કોઈ જ હકીકત જણાવતા ન હોય, તેઓની જુબાની ફરિયાદપક્ષને આરોપી સામેનું તહોમત પુરવાર કરવા મદદરૂપ નિવડે તેમ

નથી.

(૧૮) આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૩૯ થી સાહેદ સકારામભાઈ શુકકરભાઈ પવારને, આંક–૪૦ થી સાહેદ સંજયભાઈ શંકરભાઈ પવારને, આંક–૪૧ થી સાહેદ શૈલેષભાઈ ગુલાબભાઈ વરઠાને, આંક–૪૨ થી સાહેદ શંકરભાઈ કોહલ્યાભાઈ ગાયકવાડને તપાસવામાં આવેલા છે. સદર સાહેદોની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેવામાં આવે તો સદર સાહેદોને બનાવમાં શું બનેલ તેની તેઓને ખબર નથી, કે બનાવ અંગે કોઈ જાત માહિતી નથી. આમ, સદર સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા ન હોય, અને કોર્ટ સમક્ષની જુબાનીમાં ફરિયાદપક્ષે તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે. ત્યારબાદ, વિ.એડી.પી.પી.શ્રીએ વિગતે ઉલટ તપાસ લેતા પણ ફરિયાદપક્ષને સમર્થન મળે તેવી કોઈજ હકીકત નીકળી આવેલ નહી. આમ, સદર સાહેદો વિમુખ જાહેર થયેલા હોય, તેઓ આરોપી વિરૂધ્ધની કોઈ જ હકીકત જણાવતા ન હોય, તેઓની જુબાની ફરિયાદપક્ષને આરોપી સામેનું તહોમત પુરવાર કરવા મદદરૂપ નિવડે તેમ નથી.

(૧૯) આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૪૩ થી સાહેદ ત.ક.અ. શ્રી ભાવેશકુમાર રામજીભાઈ રબારીને તપાસવામાં આવેલા છે. તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૪–૦૪–૨૦૨૦ ના રોજ સાહેદ સુબિર પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે સાહેદ સાથેના એ.એસ.આઈ. મુકેશભાઈનાઓએ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રણજીતસિંહ લક્ષ્મણસિંહ નાઓએ ટેલીફોનથી વર્ધી લખાવેલ કે, વ્યારા જનક હોસ્પિટલ એમ.એલ.સી નં. ૬૯૦/૨૦ તા.૨૪.૦૪.૨૦૨૦ કલાક.૧૦:૧૫ વાગ્યે પેશન્ટ નામે શુકકરભાઈ મગનભાઈ ગાયકવાડ ઉ.વ.૪૨ રહે. ખોખરી આંગણવાડી ફળીયુ, તા.સુબિર,જિ.ડાંગ નાઓને ખોખરી જંગલમાં ગોળી વાગેલ છે. હાલ

પેશન્ટ ભાનમાં છે પેશન્ટને તેઓના પત્ની કલ્પનાબેન શુકકરભાઈ ગાયકવાડ નાઓએ દાખલ કરેલ છે અને હાલ જનક સ્મારક હોસ્પિટલમાં દાખલ છે. આથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે. વિગરે મળેલ વર્ધી આધારે જનક સ્મારક હોસ્પિટલ ખાતે તપાસમાં જતાં પેશન્ટનુ ઓપરેશન કરેલ હોય આથી ભાનમાં ન હોય તેઓના પત્ની કલ્પનાબેનનુ નિવેદન લીધેલ. તા.૨૫.૦૪.૨૦૨૦ ના રોજ ફરી વાર જનક સ્મારક હોસ્પિટલ ખાતે તપાસમાં જતાં પેશન્ટ જવાબ આપી શકે તેવી સ્થિતિમાં ન હોય આથી આજરોજ તા.૨૭.૦૪.૨૦૨૦ ના રોજ આરોપીનુ નિવેદન લેતાં પોતાના નિવેદનમાં લખાવે છે કે, પોતે તા.૨૩.૦૪.૨૦૨૦ ના રોજ સવારના આશરે દશેક વાગ્યે જંગલમાં લાકડા લેવા ગયેલ લાકડા લઈ પરત ફરતી વખતે તેઓ જંગલમાં એક બંદુક પડેલી જોઈ લાકડા લઈ ઘરે આવી ગયેલ બાદ સાંજના છ એક વાગ્યે જંગલમાં પડેલ બંદુક લેવા ફરી વાર જંગલમાં ગયેલ. બંદુક લઈ પરત ફરતી વખતે અચાનક ઠેસ વાગતાં આરોપી પડી જતાં હાથમાં રહેલ બંદુક ફુટી જતાં ગોળી જમણા ખભામાં વાગેલી. ત્યારબાદ બીજા દિવસે સારવાર માટે દાખલ થઈ ગયેલ. એવુ પોતાના નિવેદનમાં જણાવતાં આમ આરોપી કોઈને પણ જાણ કર્યા વગર બંદુક પોતાના કબજામાં રાખવાના ઈરાદે જંગલમાં જઈ બંદુક લાવી બંદુક ફુટવાથી જીવને જોખમમાં થાય તેવુ જાણતા હોવા છતાં બંદુક સાથે લાવી ઠેસ વાગતાં પડી જતાં બંદુક ફુટતાં જીવને જોખમ થાય તેવી ઈજા પહોંચાડી ગુનો કરેલ હોય તે મતલબની સાહેદ રૂબરૂની ફરિયાદ તા. ૨૭–૦૪–૨૦૨૦ ના રોજ આપેલી.

સદર સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ આગળની તપાસ સાહેદને સોપતા તપાસ સંભાળી લઈ તપાસના કામે ઈજા પામનાર આરોપીનો હોસ્પિટલથી કબ્જો મેળવી ગુનનાના કામે બે પંચો રૂબરૂ અટક કરેલ અને બે પંચોના લખાવ્યા મુજબ પંચનામું કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી ગુનામાં વપરાયેલ હથિયાર બતાવવા માંગતો હોઈ બે પંચો સાથે રાખી પંચો રૂબરૂ

પંચનામું કરવામાં આવેલ જેમાં પોતાના ઘરની આગળ બળતણના લાકડાઓના ઢગલાઓમાંથી બતાવતા હોઈ પંચો રૂબરૂ કબ્જે કરવામાં આવેલ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી સાથે રાખી બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ કરવામાં આવેલ. તેમજ ગુનાવાળી જગ્યાએથી કોઈ ચીજવસ્તુ કબ્જે કરેલ નથી. તેમજ એફ.એસ.એલ. અધિકારી શ્રી નાંઓએ આપેલ સ્થળ પરિક્ષણ અહેવાલ આપેલ જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે સ્થળ પરીક્ષણ અહેવા તથા યાદી આ કામે અનુક્રમે આંક-૪૪ તથા આંક-૪૫ થી રજૂ થયેલ છે. ત્યારબાદ આરોપીના બ્લડ સેમ્પલ મેળવા આ કામે આંક-૪૬ થી યાદી કરેલ. ત્યારબાદ આરોપીએ જનક હોસ્પિટલમાં સારવાર લીધેલી ત્યાં ઓપરેશન દરમ્યાન લીધેલ છરા તેમજ મેડીકલ સર્ટી મેળવવા યાદી કરેલ. જેના અનુસંધાને મેડિકલ ઓફિસરે જનક હોસ્પિટલ વ્યારા નાંઓએ છરા પેક કરી તપાસના કામે સોંપેલા તે છરા તેમજ આરોપીનો પેન્ટ મેળવી તપાસના કામે કબ્જે લીધેલ. ત્યારબાદ કબ્જે કરેલ છરા અને પેન્ટ પરિક્ષણ અર્થે ન્યુ મેટલ કોર્નર, અમદાવાદ એફ.એસ.એલ. કચેરી એ અલગ-અલગ રવાનગી નોંધ કરી મોકલવામાં આવેલ. સદર રવાનગી નોંધ તથા સત્તા અંગેના પ્રમાણપત્રો આ કામે આંક-૪૭, ૪૮ થી રજૂ થયેલ છે. ત્યારબાદ લગતા વળગતા સાહોદોના નિવેદનો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ મામલતદારશ્રી સુબિર તથા પ્રાંત અધિકારીશ્રી આહવા નાંઓની હથિયાર લાયસન્સ પરવાનેદારના નામ મેળવવા યાદી લખેલ. ત્યારબાદ આર્મ્સ એકટની જોગવાઈ મુજબ કલેકટરશ્રીને ચાર્જશીટ માટે પરવાનગી મેળવવા માટે આંક-૫૦ ની યાદી સાથે અસલ કેસ કાગળો મોકલી આપેલ. ત્યારબાદ સાહેદની બદલી થતા આગળની તપાસ સુબિર પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી નાંઓએ સંભાળેલ. ત્યારબાદ ચાર્જશીટ અંગે કલેકટર સાહેબશ્રીની પરવાનગી માટે મોકલી આપેલ. સાહેદે આ કામે રજૂ થયેલ દસ્તાવેજોમાં જે તે અધિકારીઓની

સહી ઓળખી બતાવેલ. આ સિવાય સાહેદે આંક–૪૯ તથા આંક–૫૦ થી ૫૩ સુધીના દસ્તાવેજો પોતાની જુબાની દરમ્યાન રજૂ રાખેલ છે.

સદર સાહેદે આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે ગુનો તા. ૨૩–૦૪–૨૦૨૦ ના બનેલો. આ કામે ગુનાની જાહેરાત તા. ૨૭–૦૪–૨૦૨૦ ના કરવામાં આવેલ. સુબીર એ.એસ.આઈ. મુકેશભાઈ શંભુભાઈ નાંઓએ મારા રૂબરૂ ફરિયાદ આપેલી. સુબીર ના એ.એસ.આઈ. મુકેશભાઈ શંભુભાઈ નાંઓને વ્યારાના એ.એસ.આઈ. રણજીતસિંહ નાંઓએ ટેલીફોનથી જાણ કરેલી કે, ખોખરી ગામનો હરીશ શુકકરભાઈ મગનભાઈ બંદુકની ગોળીથી ઈજા પામતા વ્યારા જનક સ્મારક હોસ્પિટલમાં દાખલ છે. આ બનાવની પ્રથમ માહીતી અમારા એ.એસ.આઈ. મુકેશભાઈ શંભુભાઈને મળેલી. આ અનુસંધાને અમારા સુબિરના એ.એસ.આઈ. મુકેશભાઈ શંભુભાઈ નાંઓએ ઈજા પામનારની પત્નીનો જવાબ લીધેલો. આ કામે એ.એસ.આઈ. મુકેશભાઈ શંભુભાઈ નાંઓએ તા. ૨૫–૦૪–૨૦૨૦ તથા તા. ૨૬–૦૪–૨૦૨૦ ના રોજ આરોપીના જડતીના મકાનનું પંચનામું કરવામાં આવેલ. એ.એસ.આઈ. મુકેશભાઈ શંભુભાઈ નાંઓએ તા. ૨૭–૦૪–૨૦૨૦ ના રોજ આરોપીનો જવાબ લીધેલો. તા. ૨૭–૦૪–૨૦૨૦ ના રોજ આરોપીનો જવાબ મારા ઘ્વારા લેવામાં આવેલ. આરોપીના પાસેથી કપડા અમોએ પંચનામાના વિગતે કબ્જે કરેલ નથી. પહેરેલે કપડે ઈજા પામનારને ગોળી વાગેલી હોઈ તો લોહીના ડાઘાઓ કપડા ઉપર પડે. કોઈ વ્યકિત જંગલમાં જાય અને લોડેડ બંદુકનું ટ્રીગર ઝાડના ડાળખાના સંપર્કથી ખેંચાઈ તો ભડાકો થવાની શકયતા રહેલી છે. મારી તપાસના કામે ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટનો કોઈ જવાબ લીધેલો નથી.

(૨૦) આમ, ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કામના આરોપી વિરૂઘ્ધ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ)(બી), (૧–એ), ૨૭ તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ અન્વયેના સજાને પાત્ર

ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. સદર ગુનો પુરવાર કરવા ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનું પુરાવાકીય ચર્ચા અનુસાર આ કામના ફરિયાદી પોતાની આંક–૧૭ ફરિયાદને વળગી રહેલ છે. પરંતુ તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતા સ્વીકારેલ છે કે, કોઈ વ્યકિત જંગલમાં બળતણના લાકડા લેવા જાય અને ઝાડના ડાળખા ખેંચતાં તેના સંપર્કમાં બુંદુકનો ઘોડો આવે તો ભડાકા થવાની શકયતા ખરી. તેવી જ રીતે આ કામે રજૂ થયેલ ડોકટર સાહેદે પણ પોતાની ફરજ મુજબની કાર્યવાહી કરેલ અને ફરિયાદપક્ષના કેસ મુજબની હકીકત જણાવેલ છે. પરંતુ તેઓની પણ ઉલટ તપાસ ધ્યાને લેતા સ્વીકારેલ છે કે, આંક–૨૩ વાળા સર્ટીફિકેટમાં જણાવેલ ઈજા ગોળી ત્રણ–ચાર ફુટના અંતરેથી છુટે તો થઈ શકે તેવી છે. જે હકીકત ધ્યાને લેતા આ કામના આરોપી ધ્વારા હાલનો ગુનો કરવામાં આવેલ હોય, અને તેઓના થી બંદુક ફુટી જતા પોતાના જ જમણાં ખંભા ઉપર ગોળી વાગતા પોતાનો જીવ જાય એવી ગંભીર ઈજા થયેલ હોય, તે હકીકત શંકા ઉપજાવે છે. વધુમાં આ કામના આરોપીએ સદર ગુનો કરેલ હોય, તેવો બનાવ કોઈએ નજરે જોયેલ પણ નથી, કે ફરિયાદપક્ષે આવા કોઈ સાહેદોનો પુરાવો પણ રજૂ રાખેલ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ આરોપીના અકટ પંચનામાના, મુદ્દામલ રિકવરીના પંચનામાના, આરોપીના ઘરના ઝડતી પંચનામાના તેમજ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદોએ ફરિયાદપક્ષના કેસને કે પંચનામાઓને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ નથી અને કોર્ટ સમક્ષની જુબાનીમાં વિમુજ જાહેર થયેલા હોય, ફરિયાદપક્ષ તેઓની જુબાની થી કોઈ ફળદાઈ હકકીત કાઢાવી શકેલ નથી. આમ, જયારે સદર કામે કોઈ નજરે જોનાર સાહેદો પણ ન હોય, અને પંચ સાહેદો પણ પંચનામાની હકીકત જણાવતા ન હોય, ત્યારે આ કામના આરોપી ધ્વારા હાલનો બનાવ બનેલ હોય, તેવું માની શકાય નહી, અને ત્યારે મેડિકલ પુરાવા ઉપર પણ આધાર રાખી શકાય નહી.

આમ, જયારે ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધની કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય, ત્યારે સદર કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો પણ આરોપી સામેનું તહોમત પુરવાર કરવા મદદરૂપ નિવડે નહી અને ઉપરોકત પુરાવાકીય કરેલ તમામ હકીકતો લક્ષમાં લેતા આ કામના આરોપીએ તા. ૨૩–૪–૨૦૨૦ ના રોજ સવારના ૧૦:૦૦ વાગ્યે જંગલમાં લાકડા લેવા ગયેલ હતા, તે વખતે જંગલમાં એક બંદુક પડેલી હતી, તે જોઈ લાકડા લઈ પરત ઘરે આવી ગયેલા હતા. ત્યારબાદ, તેજ દિવસે ૬:૦૦ વાગ્યાના સુમારે આરોપીએ જોયેલ બંદુક કોઈને પણ જાણ કર્યા વગર પોતાના કબજામાં રાખાવના ઈરાદાથી લેવા માટે જંગલમાં ગયેલા, જે બંદુક ફુટતા જીવને જોખમ ઉભુ થાય તેમ જાણતા હોવા છતાં તે બંદુક લઈ પરત ફરતી વખતે અચાનક ઠેસ વાગતા આરોપી જમીન ઉપર પડી ગયેલા, તેના કારણે હાથમાં રાખેલી બંદુક ફુટી જતા પોતાના જ જમણાં ખંભા ઉપર ગોળી વાગતા આરોપીએ પોતાને પોતાનો જીવ જાય એવી ગંભીર ઈજા કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિ:શંકપણે નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દામાલ નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચુ મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: હુ ક મ ::–</u>

(૧) આ કામના આરોપી **શુકરભાઈ મગનભાઈ ગાયકવાડ,** રહે. ખોખરી, તા. સુબીર, જિ. ડાંગનાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ)(બી), (૧–એ), ૨૭ તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિદોર્ષ ઠારાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીનખત રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અપીલ સમયના જામીન ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે રૂપિયા ૨૦,૦૦૦/– ના આપવા.

(૪) અપીલ સમય વિત્યેથી કબજે લેવાયેલ મુદ્દામાલ બંદુક તથા છરા અન્વયે કોઈ હુકમ થયેલ હોય, તો તે કાયમી રાખવો અન્યથા સદર મુદ્દામાલ સરકાર લાખસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ અન્ય મુદ્દામાલનો અપીલ સમય પૂર્ણ થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૩૧મી, માહે–જાન્યુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

આહવા.
તા. ૩૧–૦૧–૨૦૨૫

**(ડો. પી.એ. પરમાર)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ
નવસારી, મુ.આહવા.
**(જજ કોડ નં.જીજે૦૦૭૫૨)**